# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ

## એકેડેમીક કાઉન્સીલની તા.૧૫/૦૭/૨૦૨૧નાં રોજની બેઠકની કાર્યનોંધ

........................................................................................................................

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સીલની એક બેઠક તા.૧૫/૦૭/૨૦૨૧ નાં રોજ બપોરે ૦૩:૦૦ કલાકે ઓનલાઈન વેબેક્ષનાં માધ્યમથી આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

| | |
|---|---|
| (૧) માન.કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી | (૨) પ્રો.હરેરામ ત્રિપાઠી |
| (૩) પ્રો.નિલાભ તિવારી | (૪) ડૉ. જે.પી.એન.દ્વિવેદી |
| (૫) શ્રી જયશંકરભાઈ રાવલ | (૬) ડૉ. મહેશભાઈ ઠાકર |
| (૭) ડૉ. નરેન્દ્રકુમાર એલ.પંડયા | (૮) ડૉ. લલિતકુમાર પટેલ |
| (૯) ડૉ. શ્વેતાબેન જેજુરકર | (૧૦) ડૉ. યોગેશ ત્રિવેદી |
| (૧૧) ડૉ. ભાવપ્રકાશ ગાંધી | (૧૨) ડૉ. દિપેશ વિનોદ કતિરા |
| (૧૩) ડૉ. રાજેશભાઈ વ્યાસ | (૧૪) શ્રી અશોક સોમેશ્વર જોષી |
| (૧૫) ડૉ.અશ્વિનભાઈ રાજગોર | (૧૬) શ્રીમતી સોનિયા સી.પટેલ |
| (૧૭) ડૉ. હરેશભાઈ ભટ્ટ | (૧૮) ડૉ. વસુમતિબેન દવે |
| (૧૯) ડૉ. અમીષાબેન દવે | (૨૦) ડૉ. દશરથ જાદવ – કુલસચિવ |

સૌ પ્રથમ માન.કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ માન.કુલપતિશ્રી દ્વારા એકેડેમીક કાઉન્લિસનાં વરિષ્ઠ અને વિદ્વાન સભ્યશ્રી પ્રો.હરેરામ ત્રિપાઠીજીને શ્રી સંપૂર્ણાનંદ સંસ્કૃત યુનિવર્સિટીનાં કુલપતિ તરીકે પસંદગી થતા તમામ સભ્ય અને યુનિવર્સિટી વતી માન.કુલપતિશ્રી પ્રો.ગોપબંધુ મિશ્ર સાહેબે અભિનંદન આપ્યા હતા તેમજ અન્ય વરિષ્ઠ અને વિદ્વાન સભ્યશ્રી ડો.જે.પી.એન.દ્વિવેદીજીને શ્રી સોમનાથ ટ્રસ્ટ, વેરાવળ તથા ઉત્તરપ્રદેશ સંસ્કૃત સંસ્થાન તરફથી સન્માનિત કરવામાં આવેલ હોય તેઓને પણ સૌ મહાનુભાવો વતી માન.કુલપતિશ્રીએ અભિનંદન આપ્યા હતા. ત્યાર બાદ કુલસચિવશ્રી દ્વારા એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવી ચર્ચા–વિચારણાને અંતે સર્વાનુમતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.

### ૩૯.૦૧ કરેલ કામગીરીનો અહેવાલ રજૂ કરવા અંગે.

**ઠરાવ :** કુલસચિવશ્રી દ્વારા તા.૨૯/૦૪/૨૦૨૧ થી તા.૧૪/૦૭/૨૦૨૧ સુધી યુનિવર્સિટીમાં વિવિધ વિભાગોમાં થયેલ કામગીરીનો અહેવાલ રજૂ કરવામાં આવેલ હતો. કુલસચિવશ્રી દ્વારા જયારે અહેવાલ રજૂ કરવામાં આવેલ હતો ત્યારે આ અંગે તમામ સભ્યશ્રીઓએ પણ કામગીરી અંગે વિસ્તુત ચર્ચા કરેલ હતી અને કરેલ કામગીરીમાં એકેડેમીક કાઉન્સિલનાં સભ્યશ્રીઓ જયાં જયાં જોડાયેલા હતા તે અંગેની પણ તેઓએ ચર્ચા કરી હતી આ ઉપરોકત સમય ગાળા દરમ્યાન કરવામાં આવેલ કામગીરી અંગે તમામ સભ્યશ્રીઓએ સંતોષ વ્યકત કરેલ હતો અને કરેલ કામગીરીની તમામ સભ્યશ્રીઓએ નોંધ લઈ બહાલી આપી હતી.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

**૩૯.૦૨ નવા તૈયાર કરવામાં આવેલ અભ્યાસક્રમ અંગે તમામ ફેકલ્ટી બેઠકમાં લેવાયેલ નિર્ણયની કાર્યનોંધને બહાલી આપવા અંગે.**

**ઠરાવ :** યુનિવર્સિટીની ગત બેઠકોમાં નકકી થયા મુજબ ચાલુ શૈક્ષણિક સત્ર ૨૦૨૧–૨૨થી શાસ્ત્રી પ્રથમ તથા આચાર્ય પ્રથમ કક્ષામાં હાલ ચાલી રહેલ અભ્યાસક્રમને રિવાઈઝ કરી નવો શરૂ કરવા માટે લેવાયેલ નિર્ણય મુજબ આ અંગે માન.કુલપતિશ્રી દ્વારા બનાવવામાં આવેલ અભ્યાસક્રમ સમિતિએ અભ્યાસક્રમ રિવાઈઝ કરી ફેકલ્ટીમાં રજૂ કરતા સંબંધિત તમામ વિષયોને જે ફેકલ્ટી લાગુ પડે છે તે તમામ ફેકલ્ટીનાં ડીનશ્રીઓએ ફેકલ્ટીની બેઠકનં આયોજન કરી તૈયાર કરવામાં આવેલ અભ્યાસક્રમને મંજૂર કરી બહાલી અર્થે એ.સી.બેઠકમાં રજૂ કરેલ છે. આ અંગે કુલસચિવશ્રીએ તમામ તૈયાર થયેલ અભ્યાસક્રમ અંગે વિસ્તુત માહિતી આપેલ હતી.

બેઠકમાં સભ્યશ્રી પ્રો.નિલાભ તિવારી અને શ્રી અશોકભાઈ જોષી દ્વારા એવું સૂચન કરવામાં આવેલ કે એકેડમીક કાઉન્સિલનાં સભ્યશ્રીઓએ જે અભ્યાસક્રમ તૈયાર થયેલ છે તે ચકાસેલ ન હોય આ અંગે સીધુ અનુમોદન આપી શકાય નહી. આ અંગે તમામ સભ્યશ્રીઓએ વિસ્તુત ચર્ચા કરી માન.કુલપતિશ્રી દ્વારા પણ તેઓનો મત રજૂ કરવામાં આવેલ અને ચર્ચાનાં અંતે નિર્ણય કરવામાં આવેલ કે યુનિવર્સિટીની વિવિધ ફેકલ્ટી દ્વારા જે અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવેલ છે તે અભ્યાસક્રમને પ્રથમ તમામ સભ્યશ્રીઓને ઈ–મેઈલથી મોકલી આપવો અને ત્યાર બાદ ૧૦ દિવસ સુધીમાં કોઈ સભ્યશ્રીનું આ અંગે કોઈ સૂચન આવે તો તેને ધ્યાને લઈ યોગ્ય કરવું તેમજ સુચન ન આવે આ અંગે તેઓનું અનુમોદન છે તેમ માની તૈયાર કરવામાં આવેલ અભ્યાસક્રમને ચાલુ શૈક્ષણિક સત્ર ૨૦૨૧–૨૨થી શાસ્ત્રી પ્રથમ તથા આચાર્ય પ્રથમ વર્ષથી લાગુ કરવો તેમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

**૩૯.૦૩ સંશોધન સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણયને બહાલી આપવા બાબત.**

**ઠરાવ :** યુનિવર્સિટીની સંશોધન સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણયની કાર્યનોંધ કુલસચિવશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ હતી અને કુલસચિવશ્રી દ્વારા જણાવેલ હતું કે વિદેશનાં વિદ્યાર્થીઓ અત્રેની યુનિવર્સિટીમાં પીએચ.ડી.નો અભ્યાસક્રમ કરવા માટે આવે તો તેમનાં માટેનાં પ્રવેશ થી લઈ વાયવા સુધીનાં ફી સાથેનાં નિયમો તૈયાર કરેલા છે તેમજ અત્રેની યુનિવર્સિટીનાં પ્રવર્તમાન નિયમોમાં યુ.જી.સી.નાં નિયમોમાં સમાયાંતરે થતો ફેરફાર આવરી લઈ નવા તૈયાર કરેલા છે તેમને માન્યતા આપવા અંગે જણાવેલ હતું. આ બાબતે તમામ સભ્યશ્રીઓએ આ બાબતને બહાલી આપેલ હતી. સંશોધન સમિતિનાં સભ્યશ્રી તથા એકેડેમીક કમિટિનાં સભ્યશ્રી ડો.એન.એલ.પંડયા દ્વારા આ બાબતે બે સુચન લેખિતમાં અત્રે આપેલ છે તેમાં મુદ્દા નંબર–પમાં જે વિદ્યાર્થીઓ અત્રે પૂર્ણકાલીન પીએચ.ડી.અભ્યાસક્રમ કેમ્પસ પરહાજર રહી કરે છે તેઓને એક વર્ષમાં વધુમાં વધુ ૯૦ દિવસની રજા આપવી તેમ સંશોધન સમિતિની બેઠકમાં નકકી થયેલ છે. આ અંગે ડો.એન.એલ.પંડયાએ જણાવેલ કે યુ.જી.સી.નાં નિયમાનુસાર વિદ્યાર્થીને શિષ્યવૃતિ ન મળવાનાં શર્તે એક વર્ષ સુધી રજા આપી શકાય છે. તેમજ જે વિદ્યાર્થીઓ યુનિવર્સિટી કેમ્પસ પર રહી જે.આર.એફ./એસ.આર.એફ.મેળવતા હોય તેઓને તેઓને વેકેશન મળવા પાત્ર ન હોય તેઓએ વર્ષ

દરમ્યાન ૩૦ રજા આપવી તે અંગે યુ.જી.સી.નાં નિયમાનુસાર રજાઓ આપવી તેમ સુધારો કરી સંશોધનની કાર્યનોંધને બહાલી આપવામાં આપવામાં આવી.

**૩૯.૦૪ શાસ્ત્રી/આચાર્ય કક્ષામાં ચાલુ શૈક્ષણિક સત્રથી પ્રોજેકટ દાખલ કરવા બાબત.**

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા ચાલતા શાસ્ત્રી/આચાર્ય અભ્યાસક્રમમાં નવી શિક્ષણ નિતીને ધ્યાને લઈ માન.કુલપતિશ્રી દ્વારા મનોનિત ડીનશ્રીઓની બેઠકમાં નકકી થયા મુજબ આગામી શૈક્ષણિક સત્રથી નવો અભ્યાસક્રમ અમલમાં આવી રહેલ હોય આ અભ્યાસક્રમની સાથે સાથે શાસ્ત્રી કક્ષાનાં સેમેસ્ટર ૨–૪ અને ૬ તથા આચાર્ય કક્ષાનાં સેમેસ્ટર ૨ અને ૪ માં દરેક વિદ્યાર્થીને ૫૦ માર્કસનો એક પ્રોજેકટ આપવો તેમ બેઠકમાં નકકી થયેલ હોય આ અંગે કુલસચિવશ્રી તથા ડો.લલિતકુમાર પટેલ દ્વારા વિસ્તુત માહિતી આપવામાં આવેલ હતી અને આ અંગે સમિતિનાં સભ્યશ્રીઓએ પણ ચર્ચા વિચારણા કરેલ જેમાં ડૉ.ભાવપ્રકાશ ગાંધીનું સૂચન હતું કે વિદ્યાર્થીઓને અગાઉથી પ્રોજેકટ અંગેનાં વિષયો આપવામાં આવે આ બાબતને તમામ સભ્યશ્રીઓએ અનુમોદન કરેલ અને આ પ્રોજેકટ અંગેનાં જે નિયમો બનાવેલા છે તેમને સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ હતી. અને ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨થી અમલ કરવો એમ ઠરાવવામાં આવ્યું.

**૩૯.૦૫ યુનિવર્સિટીનાં વાર્ષિક કેલેન્ડરને બહાલી આપવા બાબત.**

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા દર વર્ષેની જેમ ચાલુ વર્ષે પણ રાજય સરકારશ્રીનાં એકેડેમીક કેલેન્ડર તથા યુનિવર્સિટીમાં કરવામાં આવતા તમામ કાર્યક્રમોને ધ્યાને લઈ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માટેનું વાર્ષિક કેલેન્ડર તૈયાર કરવામાં આવેલ છે જે અંગેની માહિતી કુલસચિવશ્રી દ્વારા તમામ સભ્યશ્રીઓને આપવામાં આવેલ હતી. જેને સૌ મહાનુભાવો દ્વારા બહાલી આપવામાં આવી.

**૩૯.૦૬ નવા જોડાણ અંગેની આવેલ ડિપ્લોમા તથા પી.જી.ડી.સી.એ.ની અરજીઓની કરવામાં આવેલ એલ.આઈ.સી.અને તે અંગે આવેલ એલ.આઈ.સી.નાં રિપોર્ટને આધારે માન્યતા આપવા બાબત.**

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા નવા જોડાણ આપવા અંગેની આપવામા આવેલ જાહેરાતનાં અનુસંધાને ડિપ્લોમા અભ્યાસક્રમ માટે ટ્રસ્ટ તરફથી કુલ ૭ અરજીઓ મળેલ હતી તેમજ યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલયમાંથી ૩ (૧) શ્રી શંકરાચાર્ય સંસ્કૃત મહાવિદ્યલાય, દ્વારકા (૨) શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય, જેતલપુર તથા (૩) શ્રી બાબડેશ્વર સંસ્કૃત મહાવિદ્યાલય,પોરબંદર તરફથી મળેલ જેમાં બહાર કુલ ૭ સંસ્થાઓની એલ.આઈ.સી.કરતા ૬ સંસ્થાને માન્યતા આપવાની ભલામણ કરવામાં આવેલ છે જયારે એક સંસ્થાએ ભાડાનું મકાન દર્શાવેલ હોય તેઓને માન્યતા આપી શકાય તેમ નથી તેવી ભલામણ કરવામાં આવેલ છે જયારે યુનિવર્સિટી સંલગ્ન ત્રણ મહાવિદ્યાલય યુનિવર્સિટીનો એક ભાગ હોય તેઓની અરજીને ધ્યાને લઈ આ ત્રણેય સંસ્થાને ડિપ્લોમા અભ્યાસક્રમની માન્યતા આપવાનું નકકી કરવામાં આવેલ છે તેવી રીતે પી.જી.ડી.સી.એ. અભ્યાસક્રમ માટે ટ્રસ્ટ તરફથી કુલ ૪ અરજીઓ મળેલ હતી જેમાં આ ૪ સંસ્થાઓની એલ.આઈ.સી.કરતા આ ૪ (ચાર) સંસ્થાને પી.જી.ડી.સી.એ. અભ્યાસક્રમની માન્યતા

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

આપવાની ભલામણ કરવામાં આવેલ છે તેમને ધ્યાને લઈ તેઓને સ્વનિર્ભર ધોરણે એક વર્ષ માટેની માન્યતા આપવા સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

**૩૯.૦૭ ચાલુ પી.જી.ડી.સી.એ.ની રીન્યુ માટે આવેલ અરજીઓની કરવામાં આવેલ એલ.આઈ.સી. અને તે અંગે આવેલ એલ.આઈ.સી.નાં રિપોર્ટને આધારે માન્યતા આપવા બાબત.**

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા ગત વર્ષે કુલ ૨૦ પી.જી.ડી.સી.એ.અભ્યાસક્રમને માન્યતા આપવામાં આવેલ હતી. તેઓની માન્યતા રીન્યુ કરવા માટે અત્રેથી જાણ કરતા કુલ ૧૮ સંસ્થાઓએ એલ.આઈ.સી.ની ફી રૂા.૭૫૦૦/– ભરી જોડાણ રીન્યુ કરવા અરજી કરેલ હતી. જયારે બે સંસ્થા (૧) સ્વસ્તિક પી.જી.ડી.સી.એ.સ્ટડી સેન્ટર,ગડુ તથા (૨) ધનંજય પી.જી.ડી.સી.એ. સ્ટડી સેન્ટર, ડોળાસા દ્વારા સ્વૈચ્છિક રીતે સંસ્થા બંધ કરવા અરજી કરેલ છે. જે ૧૮ સંસ્થાઓની અરજી મળેલ હતી તેમની એલ.આઈ.સી. એકઝીકયુટીવ કાઉન્સિલનાં તથા એકેડેમીક કાઉન્સિલનાં સભ્યશ્રીઓ દ્વારા કરવામાં આવેલ જેમનાં રિપોર્ટને આધારે કુલ ૧૬ સંસ્થાઓને માન્યતા આપવા અંગેની ભલામણ કરવામાં આવેલ છે જયારે જયારે બે સંસ્થા (૧) સ્વ.કમળાબા રાઠવા પી.જી.ડી.સી.એ. સ્ટડી સેન્ટર, પાવી જેતપુરમાં ગયેલા એલ.આઈ.સી.નાં સભ્યશ્રીઓ તરફથી આવેલ રિપોર્ટમાં જણાવ્યા મુજબ સુવિધાઓનો અભાવ હોય માન્યતા આપી શકાય તેમ નથી તેવો સ્પષ્ટ અભિપ્રાય હોય તેમજ કુલસચિવશ્રી દ્વારા હાલ ચાલી રહેલ પી.જી.ડી.સી.એ.ની પરીક્ષામાં આકસ્મિક નિરીક્ષણમાં મોકલેલ ડો.યોગેશભાઈ ત્રિવેદી, એ.સી.મેમ્બરનાં રિપોર્ટને આધારે આ સંસ્થા બંધ કરવી જોઈએ તેમ તમામ સભ્યશ્રીઓનું સુચન હોય આગામી શૈક્ષણિક સત્ર ૨૦૨૧–૨૨થી આ સંસ્થાનું જોડાણ રદ કરી તેઓએ ભરેલ ડીપોઝીટ પરત કરવી તેમ નકકી કરવામાં આવ્યું. તેવી રીતે (૨) સ્વ.ટી.બી.ખાબડ પી.જી.ડી.સી.એ. સ્ટડી સેન્ટર,પીપેરો,ધાનપુરમાં ગયેલા એલ.આઈ.સી.નાં સભ્યશ્રીઓનાં રિપોર્ટને આધારે સંસ્થાએ જે સ્થળ બતાવેલ હોય તે કોર્મશીયલ હોય તેઓની માન્યતા રદ કરવી તેમ ભલામણ કરેલ આ અંગે સંસ્થા પ્રમુખશ્રીએ એ.સી.સભ્યશ્રી ડો.રાજેશભાઈ વ્યાસ સાથે ચર્ચા કરતા તેઓ પોતાનાં શૈક્ષણિક સંકુલમાં પી.જી.ડી.સી.એ. ચલાવશે તેમ જણાવેલ હોય આ અંગે ડો.રાજેશભાઈ વ્યાસ દ્વારા રજૂઆત કરતા સંસ્થા પાસેથી ફરી એલ.આઈ.સી.ફી રૂા.૭૫૦૦/– ભરાવી રી એલ.આઈ.સી. કરી જો એલ.આઈ.સી.નાં સભ્યશ્રીઓને સંતોષકારક લાગે અને માન્યતા આપવા ભલામણ કરે તો આ સંસ્થાને માન્યતા આપવી તેમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

ઉપરોકત બાબતે વિસ્તુત ચર્ચા કરતા કુલસચિવશ્રી તથા શ્રી જયશંકરભાઈ રાવલ દ્વારા જણાવવામાં આવેલ કે જે સંસ્થાઓ આવી રીતે ચાલતી હોય તેઓનું આકસ્મિક નિરીક્ષણ કરવું જોઈએ જેથી વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ આવે.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

**૩૯.૦૮ ચાલુ જોડાણમાં ડિપ્લોમા તથા પી.જી.ડી.સી.એ. કેન્દ્ર બંધ થયેલા છે તેમની જાણ કરવા તથા પી.જી.ડી.સી.એ.કેન્દ્ર બંધ થયેલા હોય તેઓને ડિપોઝીટ પરત કરવા બાબત.**

**ઠરાવ :** હાલ કાર્યરત ૨૦ પી.જી.ડી.સી.એ.અભ્યાસક્રમની રીન્યુ માટેની મંગાવેલ અરજીઓનીમાંથી બે સ્ટડી સેન્ટર દ્વારા સ્ટડી સેન્ટર બંધ કરવાની અરજી કરેલ હોય આ બંને (૧) સ્વસ્તિક પી.જી.ડી.સી.એ.સ્ટડી સેન્ટર, ગડુ તથા (૨) ધનંજય પી.જી.ડી.સી.એ. સ્ટડી સેન્ટર, ડોળાસાનાં સ્ટડી સેન્ટર બંધ કરી તેઓએ અત્રે જમા કરાવેલ ડિપોઝીટ પરત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો તેમજ હાલ કાર્યરત ૪૩ ડિપ્લોમા કેન્દ્રમાંથી એક ડિપ્લોમા કેન્દ્ર બંધ કરવાની આવેલ અરજીને માન્ય રાખી તે ડિપ્લોમા કેન્દ્ર બંધ કરવાનો સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.

**૩૯.૦૯ ચાલુ કોલેજની રીન્યુ માટે આવેલ અરજીઓની કરવામાં આવેલ એલ.આઈ.સી. અને તે અંગે આવેલ એલ.આઈ.સી.નાં રિપોર્ટને આધારે માન્યતા આપવા બાબત.**

**ઠરાવ :** યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર સંસ્કુત કોલેજની અન્ય યુનિવર્સિટીઓની જેમ LIC કરી કોલેજનું જોડાણ રીન્યુ કરવા બાબતે ગત બેઠકમાં થયેલ ચર્ચા મુજબ કુલ પાંચ કોલેજ પાસેથી એલ.આઈ.સી.ફી રૂા.૭૫૦૦/– મંગાવી દરેક સંસ્થાની એલ.આઈ.સી. કરવામાં આવેલ હતી જેમાં એલ.આઈ.સી.કમિટિનાં સભ્યશ્રીઓ તરફથી મળેલ રિપોર્ટને આધારે (૧) શ્રી બી.એ.પી.એસ.સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય,સારંગપુર (૨) શ્રી ભાગવત વિદ્યાપીઠ બી.એડ્.કોલેજ, સોલા તથા (૩) શ્રી ઉત્થાન સંસ્કૃત કોલેજ, વિજાપુરને માન્યતા આપવાનું નકકી કરવામાં આવેલ છે જયારે બે કોલેજ (૧) પંચમહાલ વિનયન કોલેજ, દેવગઢ બારીયા તથા (૨) શ્રી નવજાગૃતિ સંસ્કૃત કોલેજ,વ્યારામાં કમિટિનાં સભ્યશ્રીઓએ આપેલ રિપોર્ટને આધારે તેઓ સભ્યશ્રીઓ દ્વારા કરવામાં આવેલ સૂચનો મુજબ પોતાની કોલેજમાં જરૂરી સુવિધા, રેકર્ડ વગેરે રાખશે તેવી બાહેંધરી ટ્રસ્ટનાં પ્રમુખશ્રીને યુનિવર્સિટી રૂબરૂ બોલાવી મેળવી ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માટે એક વર્ષ માટે જોડાણ રીન્યુ કરવું તેમજ આગામી વર્ષે એલ.આઈ.સી. કરી જો તેઓને કરવામાં આવેલ સૂચન અને આપેલ બાહેંધરી મુજબ સુવિધાઓ તથા રેકર્ડ તૈયાર રાખેલ ન હોય તો તેઓને માન્યતા આપવી કે કેમ ? તે અંગેની વિચારણા કરવી તેમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

**૩૯.૧૦ ચાલુ શૈક્ષણિક સત્રથી એમ.એ.ઈન જનરલ સંસ્કૃત અભ્યાસક્રમ શરૂ કરવા અંગે.**

**ઠરાવ :** યુનિવર્સિટી કેમ્પસ પર અનુસ્નાતક વિભાગમાં આગામી સમયમાં શરૂ થનાર એમ.એ.ઈન જનરલ સંસ્કૃતનાં અભ્યાસક્રમ અંગે બનાવેલ કમિટિ દ્વારા આ અભ્યાસક્રમ તૈયાર કરેલ હોય અને સંબંધિત ફેકલ્ટીમાં આ અભ્યાસક્રમ મંજૂર થયેલ હોય શૈક્ષણિક સત્ર ૨૦૨૧–૨૨થી આ અભ્યાસક્રમને યુનિવર્સિટી કેમ્પસ પર શરૂ કરવાની સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

**૩૯.૧૧ ચાલુ શૈક્ષણિક સત્રથી એમ.એ.ઈન હિન્દુ સ્ટડીઝ અભ્યાસક્રમ શરૂ કરવા અંગે.**

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા આગામી સમયમાં શરૂ થનાર એમ.એ.ઈન હિન્દુ સ્ટડીઝનાં અભ્યાસક્રમ અંગે બનાવેલ કમિટિએ આ અભ્યાસક્રમ તૈયાર કરેલ હોય અને ફેકલ્ટી બેઠકમાં મંજૂર થયેલ હોય આગામી શૈક્ષણિક સત્રથી આ અભ્યાસક્રમને ઓનલાઈન મોડ અથવા ડિસ્ટન્સ મોડથી શરૂ કરવા અંગે સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી.

**૩૯.૧૨ એકલવ્ય સંસ્કૃત એકેડમી, અમદાવાદમાં ઓનલાઈન ડિપ્લોમા અભ્યાસક્રમની મંજૂરી આપવા તથા ફી વધારા બાબત.**

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા ડિપ્લોમાં અભ્યાસક્રમની માન્યતા આપવામાં આવે છે આવી રીતે એકલવ્ય સંસ્કૃત એકેડમી,અમદાવાદમાં હાલ ડિપ્લોમા ઈન સંસ્કૃત ટીચીગ અભ્યાસક્રમની માન્યતા આપવામાં આવેલ છે. આ સંસ્થા તરફથી આ ડિપ્લોમા અભ્યાસક્રમ ઓનલાઈન માધ્યમથી શરૂ કરવા માટે તથા હાલ લેવામાં આવતી ફીમાં વધારો કરવા માટે અરજી આવેલ છે જે અંગે ચર્ચા વિચારણા કરતા ડો.દિપેશ કતિરાએ જણાવેલ હતું કે આ સંસ્કૃત ટીચીગનો ડિપ્લોમાં હોય ઓનલાઈન માધ્યમથી ભણાવવો યોગ્ય નથી. પરંતુ યુનિવર્સિટી દ્વારા અન્ય ડિપ્લોમા ઈન સંસ્કૃત શરૂ કરવામાં આવેલ છે, તે કરવો હોય તો કરી શકાય છે. હાલની કોરોના મહામારીને કારણે આપણે ઓનલાઈન માધ્યથી ભણાવીએ તે બરોબર છે પણ કામયી ધોરણે ઓનલાઈન અભ્યાસક્રમની માન્યતા આપી શકાય નહી. આ સંબંધે પ્રો.નિલાભ તિવારી તથા શ્રી જયશંકરભાઈએ પણ જણાવેલ કે હાલની પરિસ્થિતિને ધ્યાને લેતા એક વર્ષ માટે આપી શકાય પરંતુ કામયી ધોરણે ન આપવો આમ ચર્ચા વિચારણાને અંતે ડિપ્લોમા ઈન સંસ્કૃત ટીચીગ અભ્યાસક્રમ ઓનલાઈન માધ્યમથી ન આપવો તેમ નકકી થયું તેમજ અન્ય જગ્યાએ જો ચાલતો હોય તો તે અંગે પણ વિચારણા કરી તે બંધ કરવો જોઈએ તેમ સભ્યશ્રીઓએ જણાવેલ હતું. તેથી તેમ કરવા ઠરાવવામાં આવ્યું.

ત્યારબાદ ફી અંગે કુલસચિવશ્રીએ સંસ્થા તરફથી આવેલ ઓડિટ રિપોર્ટ બતાવતા હાલ સંસ્થા દ્વારા લેવામાં આવતી ફીને કારણે નુકશાન જતું હોય ફી વધારો માંગેલ છે તે અંગે તમામ સભ્યશ્રીઓએ ચર્ચા વિચારણા કરી ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨થી એક વિદ્યાર્થી દીઠ રૂા.૯૦૦૦/– ફી લેવી તેમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

તેમજ નકકી કરવામાં આવ્યું કે યુનિવર્સિટી દ્વારા જે સ્વનિર્ભર અભ્યાસક્રમો ચાલી રહયા છે તેમનાં ફી માળખુ રિવાઈઝ કરવા માટે દર ત્રણ વર્ષે એક રિવ્યુ કમિટિનું ગઠન કરી વર્તમાન ફી અને નવી ફી અંગે વિસ્તુત ચર્ચા કરી ફી રિવાઈઝ કરવી તેમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

**૩૯.૧૩ ચાલુ શૈક્ષણિક સત્ર ૨૦૨૧–૨૨થી કેમ્પસ પર ચાલતા એમ.ફિલ.અભ્યાસક્રમને નવી શિક્ષણ નિતી મુજબ બંધ કરવા બાબત.**

ઠરાવ યુનિવર્સિટી કેમ્પસ પર એમ.ફિલ.અભ્યાસક્રમ ચલાવવામાં આવી રહયો છે. કેન્દ્ર સરકારશ્રીની નવી શિક્ષણ નિતીમાં જણાવ્યા મુજબ એમ.ફિલ.અભ્યાસક્રમ બંધ કરવાનું સુચન કરેલ હોય તેમને ઘ્યાને લઈ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨થી કેમ્પસ પર ચાલતો એમ.ફિલ.અભ્યાસક્રમ બંધ કરવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

**૩૯.૧૪ મહાનુભાવોના સુચનો**

૦૧. કુલસચિવશ્રી દ્વારા જણાવવામાં આવેલ કે યુનિવર્સિટી દ્વારા હાલ ચાલી રહેલ કોરોના મહામારીને કારણે વિદ્યાર્થીઓ પરેશાન ન થાય તે માટે પી.જી.ડી.સી.એ. અભ્યાસક્રમની ૧૦૦ ગુણની પરીક્ષા સંપૂર્ણ પણે ઓનલાઈન માધ્યમથી લેવામાં આવેલ છે. જે બાબતને સર્વે મહાનુભાવોએ આવકારી અને બહાલી આપેલ.

૦૨. કુલસચિવશ્રીએ જણાવેલ કે યુનિવર્સિટીમાં ગત દિવસોમાં ઉત્તરવહી ચકાસણી અંગે ચારથી પાંચ આર.ટી.આઈ. આવેલ જેમાં યુનિવર્સિટી તરફથી આ બાબતે ચકાસણી કરતા પરિક્ષકો દ્વારા ઉત્તરવહીઓની ચકાસણી કરવામાં ભૂલ રહેલ હોય તેમ જણાય છે જેથી યુનિવર્સિટીની ઈમેજ બહાર ખરાબ થઈ રહી છે. આ અંગે જે અધ્યાપકશ્રીએ આ ઉત્તરવહી ચકાસેલ છે તેમને સજા કરવી કે કેમ તે બાબતે ચર્ચા વિચારણા કરતા કુલસચિવશ્રીએ જણાવેલ કે ઉત્તરવહી ચકાસણીનું કાર્ય મહાવિદ્યાલયનાં અધ્યાપકશ્રીઓ પણ કરતા હોય છે અને તેઓ કમિશ્નરશ્રી,મધ્યાહન ભોજન અને શાળાઓની કચેરીનાં તાબામાં આવતા હોય યુનિવર્સિટીએ તેમને કઈ પ્રકારની સજા કરવી જોઈએ તે અંગે શ્રી જયશંકરભાઈ રાવલ જણાવેલ કે યુનિવર્સિટીઆ અંગે શાળાઓની કચેરી તેમજ ગુજરાત રાજય મા.તથા ઉ.મા.શિક્ષણ બોર્ડને આ અધ્યાપકનાં નામ જોગ પત્ર લખી તેમને સજા થવી જોઈએ તેમ જણાવેલ આ બાબતે ડો.જે.પી.એન.દ્વિવેદીજીએ જણાવેલ કે બોર્ડમાં પત્ર લખવાની જરૂર નથી યુનિવર્સિટી પાસે સત્તા છે તે અધ્યાપકશ્રી સજા કરવા માટે સ્થાનિક કક્ષાએથી પણ કરી શકે છે. આ અંગે ચર્ચાનાં અંતે નિર્ણય કરવામાં આવ્યો કે દરવર્ષે પરિક્ષાની શરૂઆતથી પરિણામ સુધી જો કોઈ કર્મચારી ગંભીર ભુલ કરે તો તે તમામ ભુલોની એક યાદી કરી પરિણામ બાદ માન.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં એક કમિટિનું ગઠન થાય અને તે કમિટિ આવી થયેલ ભુલો અને ગંભીર ભુલોને ઘ્યાને લઈ શું સજા કરવી તે નકકી કરે અને તે મુજબ સજા કરવી. તેમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

કુલસચિવશ્રીએ જણાવેલ કે આર.ટી.આઈ.માં અરજદાર ઉત્તરવહી ચકાસનાર અધ્યાપકશ્રીનું નામ માંગે છે તો આપવુ કે કેમ તે અંગે સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યું કે અધ્યાપકશ્રીનું નામ આપવું જોઈએ નહી.

ચર્ચાનાં અંતે માન.કુલપતિશ્રીએ જણાવેલ કે પરીક્ષાનાં પ્રારંભથી પરીક્ષાની કામગીરીમાં જોડાયેલા તમામ અધ્યાપકશ્રીઓને પત્ર લખી જાણ કરવી કે પરીક્ષાને ગંભીરતાથી લઈ કોઈ ભુલો ન કરે અને યુનિવર્સિટીની / પરીક્ષાની ગરીમાને જાળવે.

૦૩. ડો.દિપેશ કતિરાએ સુચન કરેલ હતું કે (૧) યુનિવર્સિટીનાં ડિપ્લોમા અભ્યાસકેન્દ્રો વધે તે માટે યુનિવર્સિટી પ્રચાર પ્રસાર કરવો જોઈએ. તેમાં યુનિવર્સિટી દ્વારા કરવામાં આવી રહયો છે, તેની કુલસચિવે વિગતો આપી હતી. અને હજી વધુ પ્રચાર પ્રસાર કરવા માટે નિર્ણય કરવામાં આવ્યો હતો. (૨) યુનિવર્સિટી દ્વારા લેવાતી પરીક્ષામાં તથા એલ.આઈ.સી.માં જે મહાનુભાવો જાય છે તેમને એ.સી.ગાડી આપવામાં આવે. આ બાબતે નિર્ણય કરવામાં આવ્યો કે સદર બાબત નાણાંકીય હોઈ અન્ય યુનિવર્સિટીઓમાંથી વિગતો મેળવી આગામી નાણાં સમિતિની બેઠકમાં એજન્ડા તરીકે રજૂ કરવી તેમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો. (૩) યુનિવર્સિટી દ્વારા ગુજરાત રાજયનાં તમામ જિલ્લામાં સંસ્કૃત ભાષાનાં વિકાસ માટે જે બ્રાન્ડ એમ્બેસેડરની નિમણૂંક કરવામાં આવેલ છે તેઓએ કરેલ કામગીરીને બિરદાવીને યુનિવર્સિટી તરફથી એક આભાર પત્ર લખવો જોઈએ. અને માન.કુલપતિશ્રી સાથે તેઓની એક બેઠક કરવી જોઈએ આ અંગે કુલસચિવશ્રીએ જણાવેલ કે હાલ પ્રવેશનો સમયગાળો ચાલે છે, ત્યારે તેઓશ્રી પાસેથી વધુ સેવા લેવામાં આવે અને આગામી સમયમાં યુનિવર્સિટીએ વિચારણા કરેલ છે કે યુનિવર્સિટી દ્વારા કેમ્પસ પર થતા કોઈ એક કાર્યક્રમમાં આ તમામ મહાનુભાવોને રૂબરૂ આમંત્રીત કરીને આભાર માનવો અને તમામને આભાર પત્ર આપવો જે બાબતે સૌ મહાનુભાવોએ સમર્થન આપી તેમ કરવા ઠરાવવામાં આવ્યું. (૦૪) યુનિવર્સિટીમાં અન્ય રાજયનાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોઈ યુનિવર્સિટીની પરીક્ષાનાં આયોજન અને ટાઈમ ટેબલ વિદ્યાર્થીઓને એક માસ પહેલાં મળે તેમ આયોજન કરવા સુચન કરેલ. જેને માન્ય રાખી પરીક્ષા વિભાગ તે મુજબ પોતાનું આયોજન કરે, તેમ ઠરાવવામાં આવ્યું.

૦૪. શ્રી જયશંકરભાઈ રાવલે જણાવેલ કે સંસ્કૃત બોર્ડ અને યુનિવર્સિટીનાં સંયુકત ઉપક્રમે કરવામાં આવેલ શિક્ષકોની શિબિર પૂર્ણ થયેલ હોય તેઓને પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. આગામી સમયમાં ગીર સોમનાથ તથા ભાવનગર જિલ્લામાં બીજા તબકકાની પ્રત્યક્ષ શિબિરનું આયોજન કરવાનું વિચારાધિન છે. આ બાબતને તમામ સભ્યશ્રીઓએ આવકારી અભિનંદન પાઠવેલ હતા. આ બાબતે ડો.જે.પી.એન.દ્વિવેદીજીએ જણાવેલ કે આવી એક શિબિર દ્વારકા જિલ્લામાં પણ કરવામાં આવે આ અંગેની નોંધ શ્રી જયશંકરભાઈએ લીધેલ અને આગામી સમયમાં શિબિરનું આયોજન કરવાનું જણાવેલ.

બેઠકનાં અંતે એકેડેમીક કાઉન્સિલનાં ત્રણ સભ્યશ્રીઓ (૧) ડૉ.યોગેશભાઈ ત્રિવેદી (૨) ડૉ.ભાવપ્રકાશ ગાંધી (૩) ડૉ.શ્વેતાબેન જેજુરકરનો કાર્યકાળ તા.૨૨/૦૭/૨૦૨૧નાં રોજ પૂર્ણ થતો હોય આ બેઠક તેઓની અંતિમ બેઠક હોય તેઓએ ત્રણ વર્ષ સુધી જે સેવા યુનિવર્સિટીને આપેલ છે તે માટે તેમનો તથા કવિકુલગુરૂ કાલિદાસ સંસ્કૃત યુનિવર્સિટીના માન.કુલપતિશ્રી પ્રો.શ્રીનિવાસ વરખેડીજી સર્ચ કમિટીનાં સભ્ય બનતાં તેઓએ એકેડેમિક કાઉન્સીલનાં સભ્ય પદેથી રાજીનામું આપેલ હોઈ તેમની મળેલ સેવાની નોંધ લેવામાં આવી. તેમજ માન.કુલપતિશ્રી દ્વારા ખુબ ખુબ આભાર વ્યકત કરવામાં આવેલ તેમજ સંસ્કૃત યુનિવર્સિટીમાં તેઓની હરહંમેશ સેવા મળતી રહેશે તેમ આશા વ્યકત કરી હતી.

કુલસચિવશ્રી દ્વારા બેઠક પૂર્ણ કરતા પહેલા બેઠકમાં ઉપસ્થિત સર્વે મહાનુભાવોનો આભાર વ્યકત કરવામાં આવ્યો.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

(ડૉ.દશરથ જાદવ)
કુલસચિવ